વિભાગ..................

વિભાગ – A

(1) 'ચક્ષુ:શ્રવા' કૃતિ ચંદ્રકાન્ત બક્ષીના પુસ્તક ચંદ્રકાન્ત બક્ષીની વાર્તાઓમાંથી લેવામાં આવી છે. જેનો સાહિત્ય પ્રકાર નવલિકા છે. આ કૃતિમાં લેખક દાદા કેસરીસિંહ અને તેમની પ્રપૌત્રી કોશા વચ્ચેના અનોખા ભાવવિશ્વનો ચિતાર આપ્યો છે. આ વાર્તાનો ઉત્તરાર્ધ ખૂબ જ હૃદયસ્પર્શી છે.

દાદા અને તેમની પ્રપૌત્રી કોશા વચ્ચે ચોર્યાશી વર્ષની ઉંમરનો તફાવત છે. તો પણ દાદાને કોશાની સાથે ગોઠી ફાવી ગયું. દાદા કોશાને સમજાવતા કે, સાપને કાન હોતા નથી, આથી તે આંખથી સાંભળે છે. તે મદારીને જોઈને ડોલે છે અને મદારી સ્થિર થાય ત્યારે સ્થિર થાય છે, આમ, સાપ આંખથી સાંભળતો હોવાથી તેને ચક્ષુ:શ્રવા કહેવાય. તેઓ પોતાને પણ ચક્ષુ:શ્રવા જ કહેતા. કોશા જ્યારે સ્કૂલમાં આ વાત કહેતી ત્યારે તેના મિત્રો તેને ધ્યાનથી સાંભળતા.

વિભાગ..................

4

તે કહેતી કે, મારા ડૂડીના ડૂડીના ડૂડી કાનથી નહીં પણ આંખથી સાંભળે છે. પરંતુ એક દિવસ દાદા [illegible] મૃત્યુ પામ્યા ત્યારે છોકરાને સ્કૂલેથી વહેલી છુટ્ટી આપવામાં આવી. હવે આવીને ખાટલા પર સૂતેલા દાદાને તેણે કહ્યું, 'દાદા ઊઠો, મારે આજે વહેલી છુટ્ટી થઈ ગઈ.' પરંતુ દાદાએ જ્યારે કોઈપણ પ્રતિભાવ ન આપ્યો ત્યારે છોકરાએ કહ્યું કે, 'દાદાની આંખ બંધ છે એટલે તેઓ મારી વાત સાંભળી શકતા નથી.'

આ રીતે વાર્તાના અંતમાં લેખકે ખૂબ કરુણતાભરી વાત દર્શાવી છે. અહીં દાદા અને છોકરા વચ્ચેના અનોખા ભાવવિશ્વનો લેખકે વિચાર આપ્યો છે. આ દ્રષ્ટિએ જોતાં 'ચક્ષુ:શ્રવા' શીર્ષક યથાર્થ છે.

(2) 'જે સ્ત્રી નીતિની કેળવણી લેશે તે કુમાર્ગે જશે નહીં' એવું નર્મદ કહે છે, કારણ કે, લખવા-વાંચવાને કુકર્મ સાથે કોઈ જ સંબંધ નથી. જે સ્ત્રીઓ કેળવણી નથી લેતી તે શું કુકર્મ નથી કરતી? આમ કહીને લેખક કહે છે કે, નીતિની કેળવણી લેનાર સ્ત્રી ક્યારેય કુમાર્ગે જશે નહીં, કારણ કે, કુકર્મ તો ખરાબ સંગત અને નીતિના આચારની ખામીથી જ થાય છે.

વિભાગ..................

5

(3) ટાઈમટેબલ બનાવવામાં લેખકને લગભગ બે મહિના જેટલો સમય ગયો, કારણ કે કયો વિષય ક્યારે વાંચવો, કયા વિષયને કેટલું મહત્વ આપવું વગેરે જેવી બાબતો નક્કી કરવા માટે લેખકે ઘણો સમય અને શક્તિનો ઉપયોગ કરવો પડ્યો.

---

(4) પહેલવાર્તાકાર અને પુરાણી તરીકે જાણીતા એવા શામળ વીરેશ્વર ભટ્ટની બે છપ્પા, એક ચોપાઈ અને બે ઉખાણાં લેવામાં આવ્યા છે. 'રક્ષક જ ભક્ષક બને' તે સમજાવવા માટે લેખકે ચોપાઈમાં વિવિધ ઉદાહરણો આપ્યા છે. આ દૃષ્ટાંતો દ્વારા તેમણે સમજાવ્યું છે કે, જો આપણું રક્ષણ કરનાર જો ભક્ષણ કરે તો કેવી મુશ્કેલીઓ આવી શકે.

ખેતરમાંથી ચીભડાં કોઈ ચોરી ન જાય તે માટે ખેતરની ચારેબાજુ વાડ બનાવવામાં આવે છે, પરંતુ જો વાડ જ ચીભડાં ગળી જાય તો લોકોને આવું સસ્તુ ફળ ક્યાંથી મળે? ભાણામાં અનાજનો સંગ્રહ કરવામાં આવે છે, પણ જો ભાણું જ અનાજ ખાઈ જાય તો લોકોને અનાજ કઈ રીતે મળે? જો જળાશય જ પાણી પી જાય તો સજીવોના શરીર કઈ રીતે ટકે? જો માતા જ પોતાના દૂધ પીતા બાળકને મારે તો બાળક ક્યાં જાય? જો સત્યવાદી જ અસત્ય બોલે તો સત્ય

વિભાગ..................

ક્યાં સાચવાશે? જે રાજા જ પ્રજાને લૂંટે તો પ્રજા કોની આગળ જઈને ફરિયાદ કરે?
ઉપરોક્ત ઉદાહરણો દ્વારા શામળ 'રક્ષક જ ભક્ષક બને' એ કહેવત સમજાવે છે.

---

(5) 'મન નો ડગે' કાવ્યમાં ગંગાસતી સાચા ભક્ત હોવાનું પ્રમાણ આપે છે કે, સાચો ભક્ત હંમેશા ઈશ્વરમાં અડગ શ્રદ્ધા રાખે છે. તે દુઃખમાં હતાશ થઈ જતો નથી તથા સુખમાં છકી જતો નથી; તેના મનમાં આડાઅવળા વિચારો આવતા નથી. તે રાતદિવસ ભક્તિના આનંદમાં જ રહે છે. તેણે સંસાર સાથેના તમામ બંધનો કાપી નાખ્યા હોય છે. મેરુ જેવો પર્વત ડગી જાય તો પણ તેનું મન ડગતું નથી.

---

(6) 'તીર્થોત્તમ' કાવ્યમાં કવિએ પ્રભુદર્શન માટે ઘણાં તીર્થોની મુલાકાત લીધી, નદીઓમાં સ્નાન કર્યાં પણ તેમની પ્રભુદર્શનની ઈચ્છા ફળી નહીં. એક દિવસ સાંજે પોતાની પત્ની સાથે તેઓ ઓટલા પર બેઠા હતા. ત્યારે તેમની પત્ની તેની બાળકીને પયપાન કરાવતી હતી. તેની આંખો નવજાત બાળકી પર ખૂબ વાત્સલ્યથી ઝૂકેલી

વિભાગ..................

7

પ્રશ્ન ક્રમાંક

હતી. કવિ કહે છે, કે આ આંખોમાં તેમને પ્રભુદર્શન થયું અને તેમને તેમાં તીર્થધામ મળ્યું.

વિભાગ.................

વિભાગ - B

(7) સંક્ષેપીકરણ:

ઊંચું જીવન કે અધોગતિનું જીવન

આજે તો એવી ઊંચા જીવનધોરણની ઝુંબેશ પડી રહી છે. જૂના વખતમાં એની જરૂરિયાત ઓછી, તે ઊંચી ગણાતી. ઈશ્વરે બે હાથ આપ્યા છે એટલે છાતી કાઢીને આખી ઝાડીએ છીએ નહિ તો વાંકા વળીને ચાલવું પડત. બીજાનું પાણી લેવા કરતાં બે હાથનો સાચો ઉપયોગ થતો હોય તો લોગી ન થવાય.

(8) "ઊંચી નીચી ફર્યા કરે, જીવનની ઘટમાળ, ભરતી તેની ઓટ છે, ઓટ પછી જુવાળ."

આપેલ પંક્તિઓ કવિએ જીવનમાં આવનાર સુખ – દુઃખના ચક્રની વાત કરી છે.

જેમ સિક્કાની બે બાજુઓ હોય છે, તેમ આપણા જીવનમાં પણ ક્યારેય સતત સુખ કે સતત દુઃખ આવતું નથી. સુખ અને દુઃખ એ તો કુદરતનો ક્રમ છે. તે જ રીતે દરિયામાં પણ ભરતી પછી ઓટ આવે જ છે. પરંતુ મુશ્કેલ પરિસ્થિતિમાં આપણે હતાશ ન થઈ જતાં

વિભાગ..................

આપણો કાર્યને સતત કર્યા કરવું જોઈએ. સુખની પળોમાં છકી જવાથી પણ આપણને જ નુકસાન થાય છે. આમ, સુખ અને દુઃખની બંને પરિસ્થિતિઓમાં તટસ્થ સ્વભાવ રાખવો જોઈએ.

આ સુભાષિત પરથી આપણને બોધ મળે છે કે, જીવનમાં સુખ અને દુઃખના ચક્રો ગતિમાન રહે છે, પરંતુ દુઃખની પળોમાં ઈશ્વર પરની શ્રદ્ધાનો દીપ આપણા હૈયામાં પ્રજ્વલિત રાખીને પ્રભુ આપણું જીવન ખીલવશે જ એવી આશા રાખીને આપણા કાર્ય પાછળ પરિશ્રમથી મંડી રહેવું જોઈએ.

"છે માનવી જીવનની ઘટમાળ એવી,
સુખ પ્રધાન, દુઃખ અલ્પ થકી ભરેલી."

વિભાગ.................

## વિભાગ – C

(૧)

337, C/4, ત્રિમંદિર સંકુલ,
સેક્ટર નં. ૩,
અડાલજ.

પ્રિય રમેશ,
મીઠી યાદ.

હું અહીં કુશળ છું. આશા છે કે તું પણ કુશળ હશે.

તારો પત્ર મળ્યો. તને ટી.વી. જોવાથી અભ્યાસ પર પડતી માઠી અસરો વિશે જાણવું છે એ જાણી આનંદ થયો. સૌપ્રથમ તો ટી.વી. જોવાથી આંખોને ખૂબ જ નુકસાન થાય છે. જેનાથી ભણતી વખતે આપણને ધ્યાન કેન્દ્રિત કરવામાં મુશ્કેલી પડે છે. ટી.વી. જોવાથી આપણને તેનું કાયમી બંધાણ થઈ શકે છે. ટી.વી. જોવાથી આપણા મગજના વિચારો પર પણ અસર પડે છે. અભ્યાસ વખતે કંટાળો આવવો, મન બીજા વિચારે ચડી જવું, ધ્યાન કેન્દ્રિત ન થવું વગેરે વધુ પડતા ટી.વી. જોવાથી થતા ગેરલાભો છે. આથી, ટી.વી. જોઈએ તો પણ નિશ્ચિત સમય માટે જોવું નહિતર તે આપણા સ્વાસ્થ્યને હાનિકારક થઈ રહે છે. આશા છે કે આ બાબતો તું તારા જીવનમાં જરૂર ઉતારશે.

તારા માતા-પિતાને મારા પ્રણામ

વિભાગ..................

11

અને નાની ચિંકીને યાદ.

લિ.
તારો પ્રિય,
અ.બ.ક.

"શાળામાં યોજાયેલ રક્તદાન શિબિરનો અહેવાલ."

તારીખ – 12/3/2015
સ્થળ – વડોદરા

તારીખ - 10/3/2015ના રોજ ગુજરાત રાજ્યની પ્રસિદ્ધ શાળા સરસ્વતી વિદ્યાસંકુલમાં રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના દરેક વિદ્યાર્થીઓના વાલીમિત્રોને તેમજ શિક્ષકગણને અગાઉથી જણાવવામાં આવ્યું હતું. આશરે સો જેટલી વ્યક્તિઓ સવારે આઠ કલાકે શાળાના પ્રાંગણમાં ભેગી થઈ હતી. દરેક વારાફરતી પોતાની ક્ષમતા મુજબ રક્તદાન કર્યું. એ પહેલાં ડૉક્ટરો દ્વારા તેમનો 'બ્લડટેસ્ટ' કરવામાં આવ્યો. રક્તદાન બાદ દરેક વ્યક્તિને જ્યુસ માટે બિસ્કીટની પણ સુવિધા કરવામાં આપ્ય આવી હતી. સાંજ સુધીમાં લગભગ બસો બોટલો જેટલું લોહી રક્તદાન શિબિરમાં ભેગું થયું હતું. શાળાના દરેક શિક્ષકો, શાળાના ટ્રસ્ટી શ્રી તેમજ શાળાના આચાર્યશ્રીએ પણ રક્તદાન કર્યું હતું. રક્તદાન શિબિરને અંતે આચાર્યશ્રીએ સમગ્ર ડૉક્ટરોની ટીમનો આભાર માન્યો.

વિભાગ..................

વિભાગ - D

(11) ભાષાશુદ્ધિ:

'ભાઈ, તને કોઈએ ભરમાવ્યો છે. હું જાણતી નથી.' કહી મેં કમાડ બંધ કરવા માંડ્યું તો એ અંદર આવવા લાગ્યો અને કહે: 'માતાજી, આજ સુધી તમને ખાવાનું મોકલ્યું તે આપું તો જુઓ!' હું ચિડાઈ ગઈ 'વળી તું ખાવાનું મોકલનાર કોણ છે?'

(12) ગદ્ય પરિચ્છેદનું પરિવર્તન:

વૃક્ષોને, સહેજતી પાંદડીઓને, વાસંતી ફૂલોને ને નવપલ્લવોને નજરે નિહાળતા સ્વામીજી સ્વયં એક બોધિવૃક્ષ નથી? એમની નજીક આવીને ઊભા રહેતાં જ કરતી બધી ખીલવતા કરતો બધો આહ્લાદ અનુભવાય છે. ઉદ્વેગો - ઉત્તાપો આપોઆપ શમી જતાં અનુભવાય છે. ઉદ્વેગિત મન શાંતિનો અનુભવ કરી રહે છે. અનેકવિધ અહમ્ - બોજ ખરતો જતો હોય અને મન હૃદય હળવાં ફૂલ થઈ જતાં હોય એમ લાગે છે.

વિભાગ.................

13

(13) મા તે મા ! બીજા વનવગડાના વા.

"જનનીની જોડ સખી નહીં જડે રે લોલ !"

કવિ શ્રી બોટાદકરે આ પંક્તિમાં માતાને અનન્ય ગણાવી છે.
કહેવાયું છે કે, ઈશ્વર ધરતી પર દરેક જગ્યાએ પહોંચી શકતો નથી. આથી તેણે પોતાના દૂત તરીકે માતાનું સર્જન કર્યું. આખરે માનું જીવન જ સ્નેહ, બલિદાન, ત્યાગ, કષ્ટ અને પ્રેમથી ભરેલું હોય છે. મા નવ મહિના બાળકને પોતાના ઉદરમાં પોષણ આપે છે, ત્યારબાદ ખૂબ કષ્ટ વેઠીને તેને જન્મ આપે છે, ઘણીબધી મુશ્કેલીઓનો સામનો કરીને તેને ઉછેરે છે તથા તેનામાં જીવનના ઉત્કૃષ્ટ ગુણોનું સિંચન કરે છે. આ કંઈ નાનીસૂની વાત નથી.

"જેમ ઈશ્વરના ખોળામાં વિશ્વ સલામત છે,
તેમ માતાના ખોળામાં બાળક સલામત છે."

માતા દરેક કાર્ય પોતાના બાળકના હિતમાં જ કરતી હોય છે. હંમેશા પોતાના લાડલાને લાડ લડાવતી મા ક્યારેક પોતાના તે જ લાડલાની સામે લાલ આંખો કરીને તેને ખિજવાય પણ છે તથા તેના પર ગુસ્સો પણ કરે છે. પરંતુ આ દરેક વસ્તુ બાળકના હિત માટે જ હોય છે. માતા ક્યારેય પોતાના બાળકનું બૂરું ઈચ્છતી નથી.

વિભાગ..................

14

"એક મા એ શિક્ષકની ગરજ સારે છે."

માતા પોતાના દરેક બાળકને સમાન રીતે ચાહે છે. બાળક એક હોય કે સાત, માનો દરેક બાળક પ્રત્યેનો પ્રેમ એકસરખો જ રહે છે. જો બાળક અપંગ, અશક્ત કે મંદબુદ્ધિનું હોય તો માતાનો તેના પ્રત્યેનો પ્રેમ બમણો થઈ જાય છે. જો બાળક માંદુ હોય કે ચિંતામાં હોય તો મા પણ વ્યાકુળ બની જાય છે.

આજે આખા વિશ્વમાં ઘણાં એવા પણ બાળકો છે જેની માતા નથી. જનનીવિહોણા બાળકના જીવનમાં કદી ન પૂરી શકાય એવી ખોટ રહી જાય છે, અને તે બાળકની માતાના પ્રેમની તરસ ક્યારેય છિપાતી નથી.

"જેમ ગોળ વિના મોળો કંસાર,
તેમ મા વિના સૂનો સંસાર."

આજે આપણી સામે ઘણાં એવા ઉદાહરણો છે કે, જેમના જીવનમાં તેમને મળેલી સફળતા માટે માનો ફાળો અમૂલ્ય છે. ગાંધીજી, સરદાર પટેલ, શિવાજી, મહારાણા પ્રતાપ, અબ્દુલ કલામ, નારાયણ મૂર્તિ વગેરે. આથી જ કહેવાયું છે કે,

"જે કર ઝુલાવે પારણું,
તે જગ પર શાસન કરે."

વિભાગ..................

15

પ્રશ્ન ક્રમાંક

માતા હંમેશા પોતાના બાળકને લઈને ખૂબ જ ચિંતાતુર રહે છે. તે પોતાના બાળકનું રક્ષણ કરવા માટે કંઈ પણ કરી શકે છે. પશુ-પંખીઓમાં પણ આ પોતાના બચ્ચાંનું રક્ષણ કરવા માટે પોતાનાથી મોટા પ્રાણી સાથે બાથ ભીડતાં પણ અચકાતી નથી.

આપણી માની જેમ ધરતી માતા પણ આપણને આશરો આપનારી, આપણું જતન કરનારી તેમજ આપણને પોતાના ખોળામાં સમાવનારી છે.

"જનની જન્મભૂમિશ્ચ સ્વર્ગાદપિ ગરિયસિ ।"

મા અને માતૃભૂમિ સ્વર્ગથી પણ મહાન છે.

ખરેખર, જો આપણી સામે પ્રેમ, ત્યાગ, સ્નેહ, બલિદાન, આત્મવિશ્વાસ, વહાલપનું કોઈ શ્રેષ્ઠ ઉદાહરણ હોય તો તે આપણી માતા જ છે.

"માતૃ દેવો ભવ:"